પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૧ | ૨૨ ડિસેમ્બર, ૨૦૧૮, શનિવાર; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સોહરાબુદ્દીન કેસ મામલે તમામ આરોપી નિર્દોષ

**સોહરાબુદ્દીન-તુલસી એન્કાઉન્ટર કેસ મામલે સીબીઆઈની ખાસ કોર્ટે આપ્યો ચુકાદો : ૨૧૦ સાક્ષીઓને હાજર કર્યા છતાં સંતોષકારક પુરાવા મળ્યા નથી : ૧૩ વર્ષ બાદ તમામ આરોપીઓ દોષમુક્ત : કાવતરું ઘડ્યું હોવાનો કોઈ પુરાવો નથી- કોર્ટ,ગોળી ૨૨ આરોપી પોલીસ અધિકારીઓમાંથી કોણે ચલાવી હતી તેને સાબિત કરી શકાયું નથી, કેસમાં ૩૮ લોકો ઉપર આરોપ હતા જેમાંથી ૧૬ પહેલા જ છુટી ગયા છે**

મુંબઈ,તા. ૨૧ સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર અને દેશની રાજનીતિમાં પણ ભારે ચર્ચા જગાવનાર સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં આજે મુંબઈની



ખાસ સીબીઆઈ અદાલતે તેનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો અને તમામ ૨૨ પોલીસ અધિકારીઓને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. આ ચુકાદાની સાથે આરોપી તરીકે રહેલા પોલીસ અધિકારીઓમાં રાહતનુ મોજુ ફરી વળ્યુ હતુ. આજે ચુકાદા પર તમામની નજર હતી. સોહરાબુદ્દીન શેખ અને તેની પત્નિ કૌસરબીના બનાવટી એન્કાઉન્ટર મામલામાં આ તમામ ૨૨ આરોપી તરીકે હતા. ૨૧ આરોપી ગુજરાત, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ પોલીસના હતા. એક ફાર્મ હાઉસના માલિક તરીકે હતા. તુલસીરામ પ્રજાપતિ કેસમાં સામેલ હોવાના આરોપોમાંથી પણ તેમને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા છે. પુરાવાના અભાવે આરોપીઓને છોડી મુકવાનો કોર્ટે આદેશ કર્યો હતો. કોર્ટે સાક્ષીઓને ગુંલાટના સંદર્ભમાં કહ્યું હતુ કે, જો કોઈ નિવેદન ન આપે તો તેમાં પોલીસની કોઈ ભુલ નથી. સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર મામલામાં સ્પેશિયલ સીબીઆઈ જજે પોતાના આદેશમાં કહ્યું હતુ કે, તમામ સાક્ષીઓ અને પુરાવા હત્યા અને કાવતરાને પુરવાર કરે તે માટે પુરતા ન હતા. કોર્ટે કહ્યું હતુ કે, મામલા સાથે જોડાયેલા પુરાવા અપુરતા છે. તુલસીરામ પ્રજાપતિને એક કાવતરા હેઠળ ઠાર કરવામાં આવ્યો હતો તેવા આરોપ પણ ખોટા છે. સીબીઆઈ કોર્ટે કહ્યું હતુ કે, સરકારી મશીનરી અને સંબંધિત પક્ષોએ પુરતા પ્રયાસ કર્યા હતા. ૨૧૦ સાક્ષીઓને સપાટી ઉપર લાવવામાં આવ્યા હતા પરંતુ કોઈ પુરાવા મળી શક્યા ન હતા. કેટલાક સાક્ષીઓએ નિવેદન બદલી નાંખ્યું હતું. ગુજરાત એટીએસ અને રાજસ્થાન એસટીએફની ટીમે

● અનુસંધાન પાન-૭ પર

## ૧૦ એજન્સીઓને ડેટા જાસૂસી માટે સરકારે મંજૂરી આપી

**એજન્સીઓ કોઈપણ વ્યક્તિના કમ્પ્યૂટરમાં જનરેટ, ટ્રાન્સમિટ, રીસીવ અને સ્ટોર કરેલા દસ્તાવેજોને જોઇ શકશે**

ન્યુ દિલ્હી,તા.૨૧

કેન્દ્રિય ગૃહ મંત્રાલયે અનપેક્ષિત પગલાં ઉઠાવતા શુક્રવારે ૧૦ કેન્દ્રિય એજન્સીઓને દેશમાં ચાલી રહેલા કોઈ પણ કમ્પ્યૂટરમાં જાસૂસી કરવા માટે ખુલ્લો પરવાનો આપી દીધઓ છે. ગૃહ મંત્રાલયના આદેશ મુજબ, દેશની આ સુરક્ષા એજન્સીઓ કોઈપણ વ્યક્તિના કમ્પ્યૂટરમાં જનરેટ, ટ્રાંસમિટ, રીસીવ અને સ્ટોર કરેલા કોઈપણ દસ્તાવેજોને જોઈ શકે છે.

ગૃહ મંત્રાલયના આદેશ મુજબ ઈન્ટેલિજન્સ બ્યુરો, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો, ઈડી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેક્સ,

● અનુસંધાન પાન-૭ પર

## બ્લેક ફ્રાઈડે : સેંસેક્સમાં ૬૯૦ પોઈન્ટનું ગાબડું

મુંબઈ,તા. ૨૧

વૈશ્વિક બજારમાં મંદી અને વેચવાલીના દોર વચ્ચે આજે શેરબજારમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. બ્લેક ફ્રાઈડેની સ્થિતિ રહી હતી. જંગી કડાકાના કારણે મૂડીરોકાણકારોએ અભૂતપૂર્વ સંપત્તિ ગુમાવી દીધી હતી. આજે કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૧.૮૯ ટકા અથવા તો ૬૯૦ પોઈન્ટ ઘટીને ૩૫૭૪૨ની સપાટીએ રહ્યો હતો. બીજી બાજુ નિફ્ટીમાં પણ ઉલ્લેખનીય ઘટાડો જોવા મળ્યો હતો. આજે શેરબજારમાં મંદી એટલી હદ સુધી હતી કે, સેંસેક્સમાં ૩૦ શેર પૈકીના ૨૭ શેરમાં કડાકો બોલી ગયો હતો. માત્ર ત્રણ શેરમાં તેજી જામી હતી. આરઆઈએલ, ઈન્ફોસીસ, ટીસીએસ, એચડીએફસી બેંકમાં સૌથી મોટો કડાકો બોલી ગયો હતો. નિફ્ટીમાં ૧૯૮ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૦૭૫૪ રહી હતી. નિફ્ટીમાં અથવા તો એનએસઈમાં બાવન સપ્તાહની સપાટીમાં ૪૦ શેર રહ્યા હતા જેમાં ડીએસએમ લિમિટેડનો સમાવેશ થાય છે. આઠ કાઉન્ટરો ઉપર એક વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨૭૬ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૫૨૫૩ રહી હતી.

ખોલો તમારા સ્વપ્નનું સુપર માર્કેટ તમારા જ ગામ /શહેરમાં

આધાર સુપર માર્કેટ માટે

જોડાઓ ભારતની અગ્રગણ્ય રિટેલ કંપની આધાર હોલસેલ સેન્ટર સાથે અને "આધાર મિત્ર" બની તમારા ગામ / શહેરમાં સુપર માર્કેટ બનાવવાની તક મેળવો. આધાર સાથે જોડાઈને સરળતાથી વ્યવસાય કરવાનો રસ્તો મેળવો. નીચેના જિલ્લાના / ગામ / તાલુકા માટે આધાર મિત્ર બનાવા સંપર્ક કરો.

ગાંધીનગર જીલ્લો : ગાંધીનગર શહેર, ઈન્ફોસીટી, અડાલજ, સરગાસણ, કુડાસણ, રાયસણ, કોબા, પાલજ, ધોળાકુવા, કોલવડા, ઉવારસદ, ઝુંડાલ, નાના ચીલોડા, સુઘડ, ભાટ, કુકરવાડા, લોદરા, આદજ મોટી, ડભોડા, સરઢવ, ઉનાવા, મહુડી, વિજાપુર, જમીયતપુરા, કરાઈ, ખોરજ - ખોડીયાર વગેરે....

સંપર્ક :- ૯૭૨૬૫૦૨૬૪૩

Email : amit.patel@futureconsumer.in

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે

તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા

સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ

૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા

ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.

www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com

શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ

૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ

ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર

વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ

૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા

ગાંધીનગર શહેરથી તદ્દન નજીક

અદ્યતન કિચન વ્યવસ્થા

બુકિંગ ચાલુ છે

આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.

વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149

ક-૭, વસંતવગડોની સામે, ગાંધીનગર-રાંધેજા રોડ, ગાંધીનગર

